# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેરજીવનમાં 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશ સહિત સમગ્ર રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાન હાથ ધરાશે.**
2. **મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આજે અમદાવાદમાં રાજ્યના બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) સાથે સંવાદ કરશે.**
3. **રાજ્ય વિધાનસભામાં ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનીજ મિશ્રણ વિધેયક-2026' ગઈકાલે સર્વાનુમતે પસાર.**
4. **હવામાન વિભાગે આગામી 16 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરી.**
5. **મહિલા એશિયા કપની સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# STATE BJP CAMPAIGN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન હાથ ધરાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રીના 25 વર્ષની જનસેવા અને સમર્પણની યાત્રાને લોકો સુધી પહોંચાડવા તેમના જન્મદિવસ 17 સપ્ટેમ્બરથી એક મહિના સુધી આ અભિયાન ચલાવાશે. તેમણે કહ્યું, “લઘુત્તમ સરકાર, મહત્તમ શાસન”ને પ્રધાનમંત્રીના 25 વર્ષના સુશાસનની સૌથી મોટી વિશેષતા ગણાવી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

*("આ ૨૫ વર્ષની આવી અવિરત સેવા યાત્રાને જન ભાગીદારી સાથે આગળ વધારવા માટે ૧૨ મુખ્ય આયામો પર દેશભરમાં ૧૭ સપ્ટેમ્બરથી એક માસ સુધી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો સેવાના માધ્યમ સેવા માટે લોકો આગળ આવે, સેવાથી કેટલું મોટું પરિવર્તન આવી શકે છે એ વધુ ને વધુ મજબૂત કરવા માટે આ એક મહિયાનું અભિયાન સેવામય બને એના માટેનો આ અભિયાન છે.")*

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કહ્યું, અભિયાનની શરૂઆત 17 સપ્ટેમ્બરે સેવા દિવસ તરીકે થશે. આ દિવસે રક્તદાન શિબિરો યોજાશે અને સાંજ સાત વાગ્યે દરેક બૂથ પર આશીર્વાદનો દીવો કાર્યક્રમ યોજાશે, જેમાં પરિવારો અને વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ દીપ પ્રગટાવી પ્રધાનમંત્રીની 25 વર્ષની જનસેવા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરશે.

# GYANESHKUMAR AHM

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની બે દિવસની રાજ્યની મુલાકાત છે . આજે તેઓ ગુજરાત યુનિવર્સિટી સ્થિત અટલ કલામ હોલ ખાતે રાજ્યભરના 500થી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) સાથે સંવાદ સાધશે. ત્યારબાદ, તેઓ શેલા સ્થિત AUDA ઓડિયોરિયમ ખાતે 1000થી વધુ ઈલેક્ટોરલ લિટરસી ક્લબ (ELC) ના સભ્યો સાથે સંવાદ કરશે. ગઇકાલે તેઓઓએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) પરિસરની મુલાકાત લઈને નાગરિકો સાથે ભારતમાં ચૂંટણીઓનું સંચાલન – વિશ્વની સૌથી મોટી લોકશાહી વિષય પર સંવાદ કર્યો હતો

# JITU VAGHANI

રાજ્ય વિધાનસભામાં 'ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનીજ મિશ્રણ વિધેયક-2026' ગઈકાલે સર્વાનુમતે પસાર કરાયું છે. રાજ્યના દૂધાળા અને પાલતુ પશુધનના આરોગ્યની સુરક્ષા અને દૂધ ઉત્પાદકતામાં વધારો કરવા માટે આ કાયદો બનાવવામાં આવ્યો. પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનીજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ માટે હવે લાયસન્સ લેવું ફરજિયાત બનશે. આ અંગે મંત્રી જીતુ વાઘાણીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

**(બાઇટ – જીતુ વાઘાણી, મંત્રી)**

("કાયદાનું પાલન કરતા પ્રામાણિક ઉત્પાદકો, પશુપાલકો માટે આ કાયદો રક્ષણની ઢાલ બનશે. અનૈતિક પ્રથાઓ આચરનારાઓ સામે કડક પગલા આમાં લેવામાં આવશે. સમગ્ર ગૃહની સામૂહિક સંમતિથી પસાર થયેલો આ બિલ સ્વસ્થ પશુ, સમૃદ્ધ પશુપાલક, સશક્ત ગ્રામ્ય અર્થતંત્રના સંકલ્પ તરફ માનનીય મોદી સાહેબ જે પ્રકારે આગળ વધી રહ્યા છે, એ સંકલ્પમાં એક નવી પહેલ એ ગુજરાતે આજે ઉમેરી છે. પશુ આહારના વ્યવસાયમાં પારદર્શિતા અને ગુણવત્તા લાવવા માટે કેટલીક કડક જોગવાઈઓ આ બિલમાં કરવામાં આવી છે.")

# VICE PRESIDENT OF NIGERIA – AHMEDABAD

નાઈજીરીયાના ઉપરાષ્ટ્રપતિ કાશીમ શેટ્ટીમા પ્રતિનિધિમંડળ સાથે આજ રોજ અમદાવાદ શહેરની મુલાકાતે છે. તેમની મુલાકાત દરમિયાન સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીને ધ્યાને લઈ અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા અમદાવાદ શહેરના નિર્ધારિત વિસ્તારોમાં 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.

આજ રોજ સવારે આઠ થી બપોરના ત્રણ વગાય સુધી અમદાવાદના એરપોર્ટ, ચાંદખેડા, સોલા તથા બોડકદેવ પોલીસ સ્ટેશનની સમગ્ર હદ વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી સંચાલિત ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, માનવ સંચાલિત માઇક્રોલાઇટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઇડર /પેરાગ્લાઇડર, પેરામોટર, હોટ એર બલૂન તથા પેરા જમ્પિંગ જેવી હવાઈ પ્રવૃત્તિઓ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ARAVALLI CROP CARE

**અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ઓછા વરસાદને પગલે પાકમાં સુકારો અને ફૂગ જેવા રોગની શરૂઆત છે. અરવલ્લી જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ગ્રામસેવકોને જરૂરી માહિતી પૂરી પાડીને ગામની મુલાકાત લઈ ખેડૂતોને જરૂરી સલાહ અને માહિતી આપવામાં આવી રહી હોવાનું ખેતીવાડી અધિકારી પીબી પરમારે જણાવ્યું હતું.**

**(બાઇટ - પી. બી. પરમાર, ખેતીવાડી અધિકારી અરવલ્લી)**

("જિલ્લાના મુખ્ય ખરીફ પાકોની વાત કરીએ તો મગફળી, સોયાબીન, કપાસ અને મકાઈ, આ જે જિલ્લાના મુખ્ય પાકો છે એમાં અન્ય પાકો સાથે જિલ્લાનું હાલ આજ સુધીનું કુલ વાવેતર જોઈએ તો ૧ લાખ ૭૮ હજાર ને ૭૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. વરસાદની ઘટ ૫0% જેવી કહી શકાય. જિલ્લાના ૫૫ થી ૭૭% વિસ્તારની અંદર પૂરક પિયત આપી શકાય એવી વ્યવસ્થાઓ જેવી કે કેનાલ અને કુવા અને બોર સાથેની પિયતની વ્યવસ્થા ખેડૂતો પાસે સપોર્ટિવ પિયતની છે.")

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# AHMEDABAD MUNICIPAL CORPORATION FACILITY

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ અને નાગરિકો સરળતાથી શાકભાજી ખરીદી શકે તેવા ઉદ્દેશ સાથે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શાકભાજીના થડા બનાવવામાં આવ્યા છે, વિવિધ ફેરિયાઓને ડ્રોમાં થડા ફાળવવામાં આવ્યા છે. અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું વધુમાં ઉમેર્યું હતું કે ગરીબ અને મધ્યમ વર્ગને લગ્ન પ્રસંગે પોસાય તેવા ભાવમાં એએમટીએસ બસ ભાડે આપવા ટૂંક સમયમાં નવી પોલીસી જાહેરાત કરાશે.

(બાઇટ – કમલેશ પટેલ – સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, AMC)

("રોડની ઉપર ટ્રાફિક ના થાય, લોકો સરળતાથી અને સારી જગ્યાએ ખરીદી કરી શકે એ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાકભાજીના થડા બનાવવામાં આવ્યા હતા. એસ્ટેટ વિભાગ દ્વારા સઘન રીતે આ થડાની આજુબાજુમાં જેને ડ્રો થયેલા છે, આ તમામ શાકભાજીના લોકોને ફેરિયાઓને થડાની જગ્યા ઉપર જ જઈને પોતાનો ધંધો અને વ્યવસાય કરી શકે તે માટેની વ્યવસ્થા કરવા માટેની સૂચના આજે આપી છે.")

# GANESHUTSAV-FIRE-SAFETY

અમદાવાદમાં ગણપતિના પંડાલ માટે ફાયર સેફ્ટી ફરજિયાત કરાઈ છે અમદાવાદ શહેરમાં ગણપતિ ઉત્સવના જાહેર આયોજન અંગે તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે કોર્પોરેશન દ્વારા ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ નિયમો મુજબ પંડાલની અંદર કે બહારફટાકડા રાખવાની મનાઈ કરવામાં આવી છે.

પંડાલમાં એક ચોમીમાં એક વ્યક્તિ મુજબ લોકોને પ્રવેશ આપવા તથા બે ઈમરજન્સી એક્ઝિસ્ટની વ્યવસ્થા કરવા સહિતની બાબતોનો નિયમોમાં સમાવેશ કરાયો છે.

# POSHANMASS

પંચમહાલ જિલ્લામાં આઠમી ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી આયોજન બેઠકમાં પોષણ અભિયાનને જન આંદોલન બનાવવાનો નિર્ણય લેવાયો છે. 'આપણી આંગણવાડી, આપણી જવાબદારી' થીમ હેઠળ સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીઓ તથા છ વર્ષ સુધીના બાળકોના પોષણ સ્તરમાં સુધારા માટે જનજાગૃતિ પ્રવૃત્તિઓ યોજાશે.

# BHAVNAGAR-MELO

ભાવનગરના કોળિયાક ખાતે નિષ્કલંક મહાદેવ ખાતે પરંપરાગત ભાદરવી અમાસનો લોકમેળો યોજાઈ રહ્યો છે. શ્રાવણ માસની અમાસના દિવસે શ્રદ્ધાળુઓ દરિયાઈ સ્નાન કરી નિષ્કલંક થવા માટે ઉમટી પડશે.

લોકમેળામાં કોઈ અગવડ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાર્કિંગ, આરોગ્ય સુવિધા, દરિયામાં બચાવ માટે બોટ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

આ સાથે જ એસ.ટી. તંત્ર દ્વારા ખાસ બસો દોડાવવાનું આયોજન કરાયું છે. ભાવનગર સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી કોળિયાકઅને ભાવનગર ઘોઘાજકાતનાકા થી કોળિયાક માટે વધારાની એસ.ટી. બસો ચલાવવામાં આવશે

# HAWAMAN

હવામાન વિભાગે આગામી 16 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરી છે ખાસ કરીને 12 થી 14 સપ્ટેમ્બરે ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ ત્રણ દિવસ માટે ઘણા જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ અંગે હવામાન વિભાગના વડા ડૉ. એ કે દાસે વધુ માહિતી આપીp

(બાઇટ – ડૉ. એ કે દાસ)

("13 સપ્ટેમ્બર કો જો વોર્નિંગ દિયા ગયા હૈ ગુજરાત રીજન મેં ઓરેન્જ વોર્નિંગ કે સાથ ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર **हवे**લી. ઓર જો યેલો વોર્નિંગ કે સાથ જો ડિસ્ટ્રિક્ટ દિયા ગયા હૈ અમદાવાદ, દાહોદ, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત ઓર તાપી કે લિયે દિયા ગયા હૈ. સૌરાષ્ટ્ર કચ્છ મેં દિયા ગયા હૈ જો યેલો વોર્નિંગ કે સાથ રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ ઓર દીવ કે લિયે દિયા ગયા હૈ.")

# AMD PENSION ADALAT

અમદાવાદમાં આગામી 17 તારીખે પેન્શન અદાલત યોજાશે. સલાપસ રોડ પર સિનિયર પોસ્ટમાસ્ટર, જનરલ પૉસ્ટ ઑફિસ ખાતે બપોરે ત્રણ વાગ્યે યોજાનારી આ પેન્શન અદાલતમાં ટપાલ વિભાગના નિવૃત્ત કર્મચારીઓના પેન્શનને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરાશે. તેમાં નીતિ વિષયક મુદ્દા સિવાયના ફક્ત અમદાવાદ GPOના પેન્શનને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદ સાંભળી તેનો નિકાલ કરાશે. આવી ફરિયાદો આગામી 16 તારીખ સુધીમાં સિનિયર પોસ્ટમાસ્ટર, વહીવટી બ્રાન્ચ અમદાવાદ GPO ખાતે મોકલવાની રહેશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે

# GSL

**ગુજરાત સુપર લીગ ફૂટબોલની ત્રીજી સીઝનમાં વડોદરા વોરિયર્સનો સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ સામે વિજય.**

ગુજરાત સુપર લીગ ફૂટબોલની ત્રીજી સીઝનમાં વડોદરા વોરિયર્સની ટીમે ૩-૨થી સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ સામે વિજય મેળવ્યો છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા અમદાવાદમાં એકા એરિનામાં ચાલી રહેલી ફૂટબોલની સ્પર્ધામાં વડોદરાની ટીમ તરફથી ટોટન દાસે ૯મી મિનિટે અને ત્યાર બાદ હિમાંશુ જાંગરાએ ૪૫મી તેમજ ૬૭મી મિનિટે ગોલ ફટકાર્યા હતા. સૌરાષ્ટ્રની ટીમ તરફથી આશિષ રાણાએ ૪૫+૫મી મિનિટે અને મુકેશ કુમારે ૭૩મી મિનિટે સ્કોર કર્યો હતો.

# CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ,મહિલા એશિયા કપ 2026ની પ્રથમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું છે આ જીત સાથે ભારતીય ટીમ ફાઇનલમાં પહોંચી છે

બાંગ્લાદેશે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિpર્ણય લીધો. બેટિંગ કરવા ઉતરેલી ભારતે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 149 રન બનાવ્યા, જેમાં ઓપનર શેફાલી વર્માએ 64 રન બનાવ્યા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

150 રનના લક્ષ્યનો પીછો કરતા, બાંગ્લાદેશએ નિર્ધારિત વીસ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 109 રન બનાવ્યા. ભારત તરફથી દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ લીધી, નંદની શર્માએ બે વિકેટ લીધી જ્યારે શ્રી ચારણી અને પ્રેમા રાવતે એક-એક વિકેટ લીધી.

આજે બીજા સેમિફાઇનલમાં, પાકિસ્તાન દુબઈમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. તે સ્પર્ધાના વિજેતા રવિવારે ફાઇનલમાં ભારત સામે ટકરાશે.